ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૨-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

પાંચ સાલ કેજરીવાલ

દિલ્હીના રામલીલા મેદાનમાં જનનાયક અરવિંદ કેજરીવાલના શપથવિધિ સમારોહમાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. આમ આદમી પાર્ટીની સરકારની નિતી રીતીઓને પ્રજા સમક્ષ સરળ અને સ્પષ્ટ ભાષામાં અરવિંદ કેજરીવાલે પ્રવચન આપ્યુ. કેજરીવાલના પ્રવચનમાંથી નીકળતી ત્રણ મુખ્ય બાબતો આમ આદમીને સ્પર્શી જાય તેમ છે. વીઆઈપી કલ્ચર ધીમે ધીમે નાબુદ કરવાની મનષા વ્યક્ત કરી. તેમણે જાહેરાત કરી કે આમ આદમી પાર્ટી સરકારના કોઈ મંત્રી પોતાની ગાડી પર લાલ બત્તી નહીં રાખે. દિલ્હીના ટ્રાફીકમાં ક્યારેય અગ્રતા નહીં ભોગવવાની તેમની અભિવ્યક્તિએ સૌને અભીભૂત કર્યા. અને વાત સાચી છે ૬૫ વર્ષની આઝાદીકાળમાં સરકારના ઠાઠ ઠઠારાથી સામાન્ય જનસમાજ ભારે હાલાકી ભોગવે છે. રસ્તા બંધ કરવા... સતત સાયરનો વગાડવી... દરેક જગ્યાએ અગ્રતા મેળવવી આ જનતાથી નાતો તોડવાની પ્રક્રિયા છે. આજે પણ પશ્ચિમના કેટલાય દેશોમાં મંત્રીઓ કે સાંસદો સામાન્ય જનતાથી સાથે બસસ્ટેન્ડ પર લાઈનમાં ઉભા હોય કે બજારમાં સામાન્ય ખરીદી કરતાં હોય તેવા દેશ્યો જોવા મળે છે. આપણે છ દાયકામાં વીઆઈપી કલ્ચરને ફૂબ પોષ્યુ છે. અને જેનાથી અહંકારનો જન્મ થયો છે.

કેજરીવાલના પ્રવચનનો બીજો મુદ્દો પણ એટલો જ સ્પષ્ટ અને સરળ હતો કે આમ આદમી પાર્ટીની સરકાર અહંકારને પ્રોત્સાહિત નહીં કરે. અહંકારના કારણે જ ભલભલા શાસકો પ્રજા સામે પરાસ્ત થયા છે. અહંકારના પગલે સમાજના વિભાજનો થયા છે... વિગ્રહો થયા છે... અને વર્ગભેદો સર્જાયા છે. જાહેર પ્રવચનમાં કેજરીવાલે માથે ટોપી પહેરી પક્ષનો કોઈ કાર્યકર અધિકારીઓ કે કર્મચારી સામે રૂઆબ જમાવતો હોય, ગેર વર્તણુંક કરતો હોય કે સરકારી કામગીરીમાં વિક્ષેપ પાડતો હોય તો તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા ખુલ્લો આદેશ આપ્યો હતો. આ વાત આવકારદાયક છે એટલુ જ નહી પણ પ્રસંશનીય છે. કોઈપણ રાજકીય પક્ષના કાર્યકરો વહીવટીતંત્રના વાહકો સામે દાદાગીરી કરે તો લોકશાહી માટે જોખમરૂપ પુરવાર થાય છે. અને તેમાંથી પેદા થતો અહંકાર અનેક અનર્થોને સર્જે છે. કેજરીવાલનો આ મુદ્દો આમ આદમી પાર્ટીના કાર્યકરોને સંયમની ભાષા સમજાવવાનો પ્રયાસ છે. અને જો તેનું અનુકરણ થાય તો આમ આદમી પાર્ટી દેશના રાજકારણમાં નવી ભાત ઉપસાવી શકશે.

કેજરીવાલના પ્રવચનનો ત્રીજો અને મહત્વનો મુદ્દો ભ્રષ્ટાચાર સામેના જંગનો મુદ્દો રહ્યો હતો. ૪૯ દિવસની સરકારના અનુભવના આધારે તેમણે દિલ્હીની પ્રજાને ભ્રષ્ટાચાર સામેના જંગમાં જોડાવા અપીલ કરી હતી. પ્રવચનમાં સ્પષ્ટ રીતે જાહેરાત કરાઈ હતી કે કોઈપણ અધિકારી કે પદાધિકારી કોઈપણ કામ માટે ક્યારેય પણ લાંચ-રૂશ્વત માંગે તો આપજો પણ તેને તમારા મોબાઈલમાં રેકોર્ડ કરજો અને એ જ રેકોર્ડ કરેલ વાતચીત સરકારને પહોંચાડાશે તો તે સંબંધિત અધિકારી કે કર્મચારી સામે કડકમાં કડક પગલા લેવાશે તેના માટે કેટલાક નિયત ટેલીફોન નંબરો બે-ત્રણ દિવસમાં જાહેર કરાશે અને તે નંબરો ઉપર તમારા મોબાઈલથી રેકોર્ડ કરેલ વાતચીતના અંશો સરકારને મોકલવા જાહેર અપીલ કરી હતી. આમ ભ્રષ્ટાચાર સામેના જંગમાં જોડાવા કોઈ પંચ કે સમિતિ નહી પણ સમગ્ર પ્રજાને જોતરવાનો પ્રયાસ પ્રસંશનીય રહેશે. આજે પણ આપણા દેશમાં વિકાસને ખોખલો કોઈ બનાવતું હોય તો તે ભ્રષ્ટાચાર રૂપી ઉધઈ છે અને હજુ સુધી કોઈ સરકારો નક્કર પગલા લેવામાં સફળ રહી નથી. તપાસો ચાલી... પંચો રચાયા... નિયમો ઘડાયા પણ ભ્રષ્ટાચાર ઘટવાને બદલે વધતો જ રહ્યો. કેજરીવાલે આ સામુહિક સંગ્રામ છેડીને દેશની રાજનીતિમાં આગવી પહેલ કરી છે.

આમ આદમી પાર્ટીની સરકાર પાસે દિલ્હીની પ્રજાની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા કેજરીવાલ અને સાથીઓ કમર કસી રહ્યા છે. એમ એમના પ્રવચનમાંથી ફલિત થાય છે. પરિણામ કંઈ પણ હોય પરંતુ પ્રયાસની પ્રતિબદ્ધતા તો આમ આદમી પાર્ટી પાસે છે એમ માનવામાં કોઈ અતિશયોક્તિ નથી. આ સંકલ્પો સાકાર બને તો પાંચ સાલ કેજરીવાલ સૂત્ર સાર્થક બની જશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત શ્રી વી. એમ. પટેલ કુમાર, શ્રીમતી એચ. વી. પટેલ કન્યા તથા એસ. કે. પટેલ કીન્ડ ગાર્ટન ઈંગ્લિશ મીડિયમનો વાર્ષિકોત્સવ અને પૂ. છગનભા પૂ. દિવાળીબા પારિતોષિક કાર્યક્રમનું આયોજન કડી કેમ્પસમાં આવેલ શેઠ ખીમજીભાઈ વસરામ સંસ્કાર હોલ ખાતે બપોરે ૨ કલાકે યોજાયો હતો. જેમાં ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના ડાન્સ તેમજ બોધક સંવાદો રજૂ કર્યા હતા. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ક્રિએટીવ ઝોનના આચાર્યા કિરણબહેન પટેલ સહિત શાળા આચાર્યો, શિક્ષકો અને ૭૦૦થી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

મમ્મી, પાટો બંધાવીને જ આવ્યો... મારી ગર્લફ્રેન્ડનો ભાઈ પપ્પા વેલેન્ટાઇન ડેમાં જરાય માનતા ન હતા... મને પછી ખબર પડી... !!

ધો.૧૦નાં વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક કસોટીનું આયોજન

અમદાવાદ, તા.૧૪

વિદ્યાર્થીઓનો શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહીત કરવા અને તેમની માનસિક ક્ષમતામાં વધારો કરવાનાં ઉદ્દેશ્ય સાથે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધોરણ ૧૦ નાં વિદ્યાર્થીઓ માટે એપ્રિલ માસમાં વૈકલ્પિક પ્રવિણતા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા વૈકલ્પિક હોઈ જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માંગતા હોય તેમનેજ આપવાની રહેશે. પ્રાપ્ત થતિ માહિતી મુજબ સેન્ટ્રેલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓ ને શિક્ષણ માં પ્રોત્સાહીત કરવા તેમજ શિક્ષણને ભાર વગરનું બનાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતામાં વધારો કરવા માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નાં વિદ્યાર્થીઓ માટે એપ્રિલ માસમાં વૈકલ્પિક પ્રવિણતા કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વૈકલ્પિકુ પ્રવિણતા કસોટીમાં વિદ્યાર્થીઓની યોગ્યતા અને કુશળતાઓનું માપ કાઢવામાં સીબીએસઈ દ્વારા પાંચ વિષયોની પરીક્ષા લેવામાં આવશે. સીબીએસઈએ આ પરીક્ષાનું ટાઈમ ટેબલ પણ જાહેર કરી દીધું છે. જોકે આ પરીક્ષા વૈકલ્પિક હોવાથી વિદ્યાર્થીઓ માટે ફરજીયાત રહેશે નહી. એટલે કે વિદ્યાર્થીઓને પરીક્ષામાં રસ હોય અને પરીક્ષા આપવાની ઈચ્છા હોય તે વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપવાની રહેશે. આ પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા સંચાલીત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં હોય અને માર્ચ-૨૦૧૫માં લેવામાં આવનાર ફાઈનલ પરીક્ષામાં બેસવાના હોય તેવા વિદ્યાર્થીઓજ આપી શકશે. આ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને સીબીએસઈ દ્વારા પર્સન્ટાઈલ રેન્કવાળુ પ્રમાણપત્ર પણ ફાળવવામાં આવશે.

આજે અમદાવાદમાં મેરેથોન ૯૦૦૦દોડવીર જોડાશે

મુખ્યમંત્રી આનંદીબેન લીલીઝંડી આપશે : છ મેડિકલ વાન, ૨૨ પેરામેડિકલ સભ્યોને તૈનાત કરાયા

અમદાવાદ, તા.૧૪

શહેરમાં આવતીકાલે યોજનારી મેરેથોનનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ફલેગ ઓફ થનાર છે. કાલે સવારે સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી મેરેથોન યોજાશે. જેમાં ૯ હજારથી પણ વધુ દોડવીરો ભાગ લીધો હોવાનું જાણવા મળ્યું છે. સ્વાઈન ફલુની ભીતિ વચ્ચે ભીડ એકઠી થતી હોવાના કારણે છ મેડિકલ વાન અને ૨૨ પેરામેડીકલ સભ્યોને રિવરફ્રન્ટ તેમજ રૂટ ઉપર જુદા જુદા સ્થળોએ ચેકઅપ માટે તૈનાત કરવામાં આવ્યા છે. સવારે પોણા છ વાગ્યે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મેરેથોનને ફલેગ ઓફ કરાવશે. દર વર્ષ કરતા આ વર્ષ મેરેથોન ફેબ્રુઆરી મહિનામાં યોજી છે.

આવતીકાલે યોજનારી મેરેથોન દોડ જુદી જુદી ત્રણ કેટેગરીમાં દોડાવાશે જેમાં ફુલ મેરેથોન, હાફ મેરેથોન અને ડ્રીમ રાઈડનો સમાવેશ થાય છે. દર વર્ષે જે રૂટ પર જુદી જુદી કેટેગરી મેરેથોન યોજાતી હતી તેમાં આ વર્ષે ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર અંતર્ગત આ વર્ષે પ્રહલાદનગર અને એસ.જી.હાઈવે સુધી મેરેથોન દોડાવાશે નહીં, પકવાન ચાર રસ્તા અને શ્યામલ ચાર રસ્તાથી મેરેથોન દોડને યુ-ટર્ન લઈ ટૂંકાઈ દેવાઈ છે. ૪૨ કિલોમિટરની ફુલ મેરેથોન પૂર્ણ કરાવાશે.કાલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મેરેથોનમાં ભાગ લેનાર તમા દોડવીરોને સ્વચ્છતાના શપથ લેવડાવાશે. મ્યુનિ.હેલ્થ ઓફિસર ભાવિન સોલંકીએ જણાવ્યું હતુ કે સ્વાઈન ફલુને કારણે રિવરફ્રન્ટ ખાતે એક્ષ્પોમાં સ્વાઈન ફલુમાં શુ તકેદારી રાખવી તેનો ખાસ સ્ટોલ તૈયાર કરાયો છે. ઉપરાંત છ મેડીકલ વાન અમારી જુદા જુદા રૂટ પર તૈનાત રહેશે. ૨૨ જેટલા મલ્ટીપલ હેલ્થ વર્કરોને પણ મેરેથોનના રૂટ પર તૈનાત કરાયા છે.

કુડાસણ ખાતે મફત આંખની સારવાર મળશે

ગાંધીનગર, તા. ૧૪

જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા નગરની જનતા માટે મફત આંખની સ્કોનીંગ ઓ.પી.ડી.નો શુભારંભ કરવામાં આવશે. આજ રોજ રવિવાર, સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન બી-૦૦૮ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ ગાંધીનગર ખાતે ધારાસભ્ય અશોક પટેલ અને મેયર મહેન્દ્રસિંહ રાણા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે નરહરિ બારોટ, ડાહ્યાભાઈ પટેલ, આશિષ દવે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આંખની ઓ.પી.ડી. સોમવારથી શુક્રવાર દરમિયાન દરરોજ ૯.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ખુલ્લી રહેશે. જેમાં મોતિયા, જામર, વેલ, આંખના નંબર, પડદાની તપાસ કરી સારવાર આપવામાં આવશે. નગરની જનતાને નિઃશુલ્ક ઓ.પી.ડી.નો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

પી.કે. ચૌધરી મહિલા કોલેજનો અંગ્રેજી વિભાગનો પ્રવાસ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ અંગ્રેજી વિભાગ દ્વારા અમદાવાદનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં ગાંધીઆશ્રમમાં ગાંધીજીના જીવન-કવન વિષે માહિતી મેળવી વિદ્યાપીઠમાં મહાદેવભાઈ દેસાઈ વૈજ્ઞાનિક પ્રદર્શન, તેમજ પુસ્તકાલય નિહાળ્યું. સાયન્સસીટીમાં ગ્રહો વિષે ડી ફિલ્મ, સમુદ્રના જીવો વિષે માહિતી મેળવી. કાંકરિયામાં પ્રાણી સંગ્રહાલય તેમજ સંગીત ફૂવારો નિહાળ્યો. પ્રવાસનું આયોજન પ્રા. ગીતાબેન ચૌધરીએ કર્યું હતું. પ્રા. બી.પી. રાવે માર્ગદર્શન આપ્યું હતું. પ્રિ. ડૉ. ઉર્મિલાબેને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આજે જીવનકલ્યાણ સંસ્થાની બેઠક

જીવનકલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા આજે રવિવારે, સાંજે ૪.૦૦ વાગે, સેક્ટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર યજ્ઞ સભાખંડમાં યોજાશે. માસિક સભામાં સર્વે સભ્યોએ તેમજ રસ ધરાવતા નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

સેક્ટર-૨૧ પુસ્તકાલયમાં જુના પુસ્તકોનું વેચાણ

યુવાનોને સરકારી નોકરીમાં ઉપયોગી થઈ શકે તે માટે સરકારી જિલ્લા પુસ્તકાલય સેક્ટર-૨૧ દ્વારા જૂના પુસ્તકો અને સામાયિકો વેચાણ માટે મુકવામાં આવશે. સરકારી જિલ્લા પુસ્તકાલય સેક્ટર-૨૧ ખાતે સવારના ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી આજરોજ રવિવારે વેચાણ માટે મુકવામાં આવશે.

મમતા આઈ.એ.એસ. સેન્ટરમાં જાગૃતિ સેમિનાર યોજાયો

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર દ્વારા અખિલ ભારતીય સનદી સેવાઓમાં જોડાવાની જાગૃતિ અંગેનો સેમિનાર કડી કેમ્પસમાં આવેલ શેઠ ખીમજીભાઈ વિસરામ સંસ્કાર હોલ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાઈ ગયો. જેમાં કડી કેમ્પસમાં આવેલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે વી.આર.એસ. કૌલગી (નિવૃત્ત આઈએએસ), ધર્મેન્દ્રભાઈ હેરમા (આસી. કમિશનર, કસ્ટમ એક્સાઈઝ), કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન મમતા આઈ એ એસ ટ્રેનિંગ સેન્ટરના ડાયરેક્ટર સચિનભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

સુરક્ષા સેતુ હેઠળ મહિલા સ્વબચાવ શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૧૪

સુરક્ષા સેતુ અંતર્ગત ગાંધીનગર પોલીસ આયોજિત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ વાડકોઈ કરાટેના કાર્યક્રમો યોજ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી મોનપરા તથા આચાર્યશ્રીની હાજરીમાં કરાટે ડેમોસ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું. દરેક તાલીમાર્થીને પ્રમાણપત્ર અને સન્માનવામાં આવેલ હતા. શાળા પરિવાર પ્રશિક્ષણાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજમાં મહિલાઓ માટેનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના કાઉન્સીલીંગ સેલ દ્વારા 'કુટુંબ નિયોજન'ની જાણકારી અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. ડૉ. વિદ્યાબેન ચૌહાણ (ગાયનેક) દ્વારા માહિતી આપવામાં આવી હતી. વસ્તી વધારાને અટકાવવા માટે કુટુંબ નિયોજન જરૂરી છે. તેની સાચી પદ્ધતિનું જ્ઞાન અને સમજુતી મેળવી અને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. પ્રા. સજ્જનબેન ચૌધરી, પ્રા. સોનલ મોદી અને શ્રીમતી મનીષાબેન ચૌધરી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રોત્સાહન માર્ગદર્શન આપેલ હતું.

'.....મુજે કયા બુરા થા મરના, અગર એક બાર હોતા...!!!'

મેરી કિસ્મત મેં ગમ અગર ઇતના થા
દિલ ભી યા રબ કઈ દીયે હોતે !!!

ટપકે છે ને શબ્દે શબ્દે દર્દ? અને દર્દ ટપકે જ ને... જે માણસ હક્કના પેન્શનની એક એક પાઈ માટે સરકાર સામે જંગ લડી રહ્યો હોય....ગળા સુધી દેવામાં ડૂબી ગયો હોય.. જારે લેણદારોના ધક્કા ને ધમકીઓ વધી ગઈ હોય...પત્ની સાથે રોજ મુફલિસીના નામે ઝગડા થતા હોય...નાના નાના પોતાના બાળકોને જોઈને રડતો રહ્યો હોય ને સૌથી બદતર કે એ એક શાયર હોય...તો પછી આટલી બધી મુશ્કેલીઓ હોવા છતાયે એની વાત આટલા વજનદાર અને દર્દીલા શેરમાં નીકળે નહી તો જ નવાઈ...પછી એ નિસહાય ને લાચાર શાયર સીધું ખુદાને જ પૂછે ને કે આટલું દુઃખ આપવું જ હતું તો હે માલિક દિલ ભી બે અપાય ને ? એક દિલ તો ક્યાંથી સહન કરે એટલા દર્દો?

થી ખબર ગર્મ કી ગાલીબ ઉડેંગે પુર્જે, દેખને હમ ભી ગયે પર તમાશા ના હુઆ .. યસ હવે તમે સમજી ગયા હશો કે કોની વાત થઇ રહી છે? વાત છે જેનું નામ જ ઉર્દુ શાયરીનું પર્યાય છે એવા મિર્ઝા અસદુલ્લાહ બેગ ખાં અથવા મિર્ઝા નૌશા અથવા મિર્ઝા ગાલીબની. આ ગાલીબ ઉપનામ પાછળ પણ મસ્ત વાત છે, અસલમાં ગાલીબ પહેલા અસદના નામે ગઝલો લખતા પણ પછી એમ, ને ખબર પડી કે આ જ નામે કોઈ બીજો શાયર પણ સાવ ફાલતું ગઝલો લખે છે એટલે એમણે પોતાનું ઉપનામ અસદથી બદલીને ગાલીબ કરી નાખ્યું.આજે ૧૫ મી ફેબ્રુઆરી એ આ કમનસીબ શાયરની પુણ્યતિથી છે. ૧૮૬૯માં આજના દિવસે જ આ વિશ્વપ્રસિદ્ધ શાયરે વિદાઈ લીધેલી...ગાલીબ એટલે વિજયી પણ એમના માટે આગળ કમનસીબ વિશેષણ એટલા માટે લગાડ્યું કે જેટલું પણ આ મહાન શાયર જીવ્યા એટલું સતત દુઃખ અને દુર્દશામાં જ જીવ્યા. એકથી એક ચડિયાતી ગઝલો એમણે લખી પણ શોહરત તો એમને એમના મર્યા પછી જ મળી અને મળી તો એવી મળી કે આજે પણ એમ જ કહેવાય છે કે ઉર્દુ શાયરી એટલે ગાલીબ અને ગાલીબ એટલે ઉર્દુ શાયરી..!!!

કુછ ઇસ તરહ મૈંને જિંદગી કો આસાં કર લિયા, કિસી સે માફી માંગ લી, કિસી કો માફ કર દિયા.. હા આ અદ્ભુત શાયરને જિંદગીએ હેરાન કરવામાં કશું બાકી નહોતું રાખ્યું ને ગાલિબે માફ કરવામાં પણ પાછું વાળીને નહોતું જોયું. જિંદગી ચલાવવા અનેક નાનામોટા કામ કરતા રહ્યા અનેક રાજાઓ માટે પૈસા માટે પ્રશસ્તિ કાવ્યો પણ એમણે લખ્યા, અરે એમ તો નાનપણથી જ નવાબોની જેમ શતરંજ અને જુગારના શોખીન હતા અને દિલ્હીમાં તો એમની કોઠી ધીરે ધીરે દોસ્તોથી જુગાર રમવા ઉભરાતી એમાં એક વાર પોલીસે જુગારખાના બની ગયેલા ગાલીબના જાર પર દરોડો પડ્યો ને બે વાર પકડાયા ને એકવાર જેલવાસ પણ ભોગવ્યો. બદનામી જાણી થઇ. એમનાથી ઉતરતી કક્ષાના શાયરોને રાજદરબારોમાં સ્થાન મળતું રહ્યું અને ઉતરતી ઉમરે ગાલીબને મોગલ દરબારમાં સ્થાન મળ્યું તો મોગલો જ ઉજડી ગયા કૌટુંબિક દ્રષ્ટિએ પણ ગાલીબ જાણા દુખી હતા. એમનો ભાઈ પાગલ થઇ ગયો હતો. તેમને સાત સંતાનો થયા હતા. પણ તેમાંથી એક પણ જીવ્યું ન હતું. સાળીના છોકરા આરીફને દત્તક લીધો. તો એ પણ ભર યુવા વયે એ અલ્લાહના દરબારમાં પહોંચી ગયો. પણ આટઆટલી મુસીબતોવાળી જિંદગી હોવા છતાં પણ ગાલિબે એની ગઝલને જીવાડી રાખી અને સરવાળે ભારતના ટોચના શાયર ગણાયા અને હજુયે ગાલીબનું સ્થાન ઉર્દુ શાયરીમાં સદાય ટોચે જ છે ને રહેશે.



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

પૂછતે હૈ વહ કે ગાલીબ કૌન હૈ, કોઈ બતલાઓ કિ હમ બતલાયે કયા? આમ તો ગાલીબ નાનપણથી જ શેરો શાયરી લખતા હતા પણ લગ્ન પછી આગ્રા છોડીને દિલમાં આવીને કાયમી વસ્યા એ પછી દિલ્હીના શાયરીનુંમાં વાતાવરણમાં એ વધુ ખીલ્યા. એમની ચાંદ, મહેબુબ, હું, ઇશ્ક જેવી ગઝલની કાયમી બોર્ડરો થી પાર નીકળેલી શાયરીઓ એ દિલ્હીના દિલમાં જગા બનાવી લીધી. ગાલીબ આ ઈશ્ક, મહેબુબ વગેરે જેવા શબ્દોથી બનેલી ગઝલોને ગઝલની તંગ ગલી કહેતા હતા. એમનું કહેવું હતું કે આવી સાંકડી જગ્યામાંથી મારી ગઝલ ના નીકળી શકે એટલે તો નવા શબ્દો અને નવા જ ભાવો સાથેની એમની ગઝલો મશહુર થવા લાગી. શોહરત મળવા લાગી પણ એમની મજાક પણ બહુ ઉડી...જાણાએ એમને મુશ્કિલ પસંદ શાયર કહી મેલ્યા...પણ ગાલિબે બધી ટીકાઓ, વિરોધોનો સરસ જવાબ વાળ્યો કે... હૈ ઓર ભી દુનિયામે સુખનવર બહોત અચ્છે, કહેતે હૈ કી ગાલીબકા હૈ અંદાજ-એ-બયા ઔર... ગાલીબની દર્શનથી ભરપુર અને અમુક અંશે મુશ્કેલ લાગતી પણ સમજવામાં સહેલી શાયરીઓએ ગાલીબને ઝડપથી મુશાયરાઓની જાન બનાવી દીધા. પણ ગાલીબ હતા ઉદારદીલ. કમાવા કરતા ખર્ચવાનું વધુ ને એમાંને એમાં મુફલિસી પણ સાથે સાથે આંટો મારવા લાગી. સદાયે આર્થિક સ્થિતિ તંગ જ હોય. કરજ વધતું ગયું. ઉધારમાં શરાબ પી ને પૈસા ના આપવા બદલ કોર્ટમાં રજુ કરાયા તો ગાલીબ બોલી ઉઠ્યા કર્જ કી પીતે થે મય (શરાબ) ઔર સમજતે થે કી, હાં, રંગ લાયેગી હમારી ફાકામસ્તી એક દિન.. આ શેર સાંભળીને ઉલટાના જજે એમનો દંડ ભરીને ગાલીબને છોડાવ્યા.

હમકો માલુમ હૈ જન્નત કી હકીકત લેકિન, દિલ કો ખુશ રખને કો ગાલીબ એ ખયાલ અચ્છા હૈ.... શાયર બહારથી તો ઠીક પણ જારથી પણ દુખી જ હતો. પત્ની ઉમરાવજાન અને ગાલીબ વચ્ચે સતત અહંકારનો ટકરાવ થયા કરતો. બેગમને લાગતું કે ગાલીબ ખુદામાં નથી માનતો એટલે દુખી થાય છે અને ગાલીબ લહેતા કે ખુદાને બધી ખબર હોય એને આપવું હશે ત્યારે આપશે ને આમેય ગાલીબ કોઈ એક ધર્મને નહિ માનવતા ધર્મમાં માનતા હતા. બીવી સાથે ના સબંધોમાં તિરાડો વધતી ગઈ. ન થા કુછ તો ખુદા થા, કુછ નાં હોતા તો ખુદા હોતા, ડુબોયા મુજકો ન હોને ને , ન હોતા મૈ તો ક્યાં હોતા...એ માનતા કે ખુદા બધે જ છે... ઝાહીદ શરાબ પીને દે મસ્જીદ મેં

બૈઠકર, યા ફિર કોઈ ઐસી જગહ બતા દે જહાં ખુદા નાં હો.... એક તો રુજુદીલ શાયર ને ઉપરથી જારમાં મળતા પ્રેમનો અભાવ, સરવાળે ગાલીબ એક ગાયિકાને દિલ દઈ બેઠા જો કે એ પણ અચાનક મૃત્યુ પામી ને એના આજાતમાં ગાલીબની કલમમાંથી નીકળી અનેક દર્દભરી કૃતિઓ. સિતારે જો સમજતે હૈ યહ ગલત ફહેમીયા હૈ ઉનકી, ફલક પર આહ પહુચી હૈ મેરી, ચીન્ગારીયા બનકર પણ આ તો ગાલીબ...કદાચ એમણે માની લીધેલું કે શાયરના નસીબમાં તો મુશ્કેલીઓ અને વિપદ્મિત્ઓ જ આવે. મુશ્કેલીઓએ ગાલીબની શાયરીને વધુ સંગીન અને વધુ ભાવપૂર્ણ બનાવી દીધી. રંજ સે ખુજર હુઆ ઇન્સાન તો મીટ જાતા હૈ રંજ, મુશ્કીલે મુજ પર પડી ઇતની કી આસાન હો ગઈ મુશ્કેલીઓને આસન તો ગાલીબ જ માની શકે. ગાલીબની દ્રષ્ટીએ મુશ્કેલીઓ એટલે શું ? વાંચો આ શેર... બાગીચા-એ-અતફાલ હૈ દુનિયા મેરે આગે, હોતા હૈ શબ-ઓ-રોઝ તમાશા મેરે આગે ગાલીબ અને તમાશાને તો રોજની જુગલબંદી હતી. ગાલીબના આખાયે જીવનમાં જો કોઈ સતત અને શાશ્વત રહ્યું તો એ હતા તમાશાઓ.... અપમાનના, દુખના, જીલ્લ્તના, માયુસીના, બીમારીના, હક્કની લડાઈના, અમન-ઓ-ચૈન ના કે પછી મુફલિસી ને કડકાઈના...

હજારો ખ્વાહિશે ઐસી કઈ હર ખ્વાહીશ પે દમ નિકલે, બહોત નિકલે મેરે અરમાન લેકિન ફિર ભી કમ નિકલે ....૧૮૪૭મા જુગારખાનાવાળા કેસમાં ગાલીબને જેલમાં ધકેલવામાં આવ્યા એ વર્ષ ગાલીબ માટે મિશ્ર સાબિત થયું. એક તો જેલની બદકિસ્મતીનો થપ્પો ગાલીબથી સહન નાં થયો પણ બીજું સારું એ થયું કે એ મોગલ સલ્તનતના સમ્પર્કમાં આવ્યા અને આ સંબંધ એક દશકો ચાલ્યો.આ એક દશકમાં ગાલિબે પ્રેમ અને જિંદગીના દર્શન પર એકદમ સચોટ રચનાઓ લખી. કતરા દરિયામેં જો મિલ જાયે, તો દરિયા હો જાયે, કામ અચ્છા હૈ વહ જિસકા કિ મઆલ અચ્છા હૈ.. જવાનીમાં ઉસ્તાદે સલાહ આપેલી કે મધની મજા લેવા માખી બનજે પણ મધ પર બેસી નાં રહીશ ને ગાલિબે આખી જિંદગી એ વાત પકડી રાખી...ક્યારેય એક સરખું લખું નહિ કે એક જગ્યા એ ટકવું સ્વીકાર્યું નહી. જિંદગીની રાહ પર ભટકતા રહ્યા અને અનુભવો મેળવતા રહ્યા. એ અનુભવો જ ગાલીબની જિંદગી બની ગઈ ને એ જ બની ગઈ એમની વિશ્વપ્રસિદ્ધ શાયરીઓ.અનુભવો મેળવવાની અને મુશ્કેલીઓને ગળે લગાડવાની એમની ચાહત મારતા સુધી ક્યારેય ઓછી ના થઇ.. ગો હાથ કો ઝુંબિશ નહી આંખો મેં તો દમ હૈ, રહને દો અભી સાગર-ઓ-મીના મેરે આગે...

ઉમ્ર ફાની હૈ તો ફિર મૌત સે ક્યા ડરના, ઇક નાં ઇક રોઝ એ હંગામા હુઆ રખ્ખા હૈ ...મુશ્કેલીઓનો સમંદર સામે લહેરાતો રહેતો છતાયે આ ફનકારે એની કળા પર જ ધ્યાન કેન્દ્રિત કરેલું.બાકી જેવા તેવા તો આમાં ભાંગી જ પડે પણ આ મસ્ત મૌલાને તો શાયરી સાથે જ નિસ્બત ને એમાં પણ ચોક્કસ ને

● અનુસંધાન પાન-૬ પર